# 19th Summit of SCO Council of Heads of Government to be held on 30 November 2020 in video-conference format

November 28, 2020

## SCO સરકારનાં વડાઓની પરિષદનું 19મું શિખર સંમેલન વિડીયો-કોન્ફરન્સ ફોર્મેટમાં 30 નવેમ્બર 2020 નાં રોજ યોજાવાનું છે

નવેમ્બર 28, 2020

1. ભારતનાં માનનીય ઉપ રાષ્ટ્રપતિ શ્રી વેંકૈયા નાઈડુ 30 નવેમ્બર 2020 નાં રોજ ભારત દ્વારા વર્ચ્યુઅલ ફોર્મેટમાં યોજાનાર SCO સરકારનાં વડાઓની પરિષદની 19મી બેઠકની અધ્યક્ષતા કરશે. 2017 માં આ સંસ્થાનાં પૂર્ણ સભ્યપદ મેળવ્યા પછી આ પ્રથમ અવસર હશે કે ભારતની અધ્યક્ષતામાં શિખર સંમેલન-સ્તરની બેઠક યોજવામાં આવશે. આ શિખર સંમેલન SCO નાં વડાપ્રધાનોનાં સ્તર પર વાર્ષિક રીતે યોજવામાં આવે છે અને પ્રાથમિક રીતે આ સંસ્થાનાં વ્યાપાર અને આર્થિક કાર્યસૂચિ પર કાર્ય કરે છે.

2. ભારત શાંતિ, સુરક્ષા, વ્યાપાર, અર્થતંત્ર અને સંસ્કૃતિની બાબતોમાં સહકાર વધારવા માટે શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO) ને એક મહત્વપૂર્ણ પ્રાંતિય સંસ્થા ગણે છે. ભારત આ સંસ્થામાં સક્રિય, સકારાત્મક અને રચનાત્મક ભૂમિકા ભજવીને SCO સાથે આપણો સહકાર બહોળો કરવા કટિબદ્ધ છે.

3. ક્રમાનુસાર અગાઉનાં અધ્યક્ષ-ઉઝબેકિસ્તાન પાસેથી ભારતે 2 નવેમ્બર 2019 નાં રોજ SCO સરકારનાં વડાઓની પરિષદની અધ્યક્ષતા ધારણ કરી હતી અને SCO સરકારનાં વડાઓની પરિષદ (CHG) નું 17મું સત્ર યોજીને 30 નવેમ્બર 2020 નાં રોજ તેની એક વર્ષ લાંબી અવધી પૂર્ણ કરશે.

4. SCO સભ્ય રાજ્યો રશિયા, ચીન, કઝાખસ્તાન, કીર્ગીઝસ્તાન, તાજિકિસ્તાન અને ઉઝબેકિસ્તાનનાં વડાપ્રધાનો 30 નવેમ્બરનાં રોજ SCO ની બેઠકમાં હાજરી આપશે. વિદેશી બાબતો માટેનાં સંસદીય સચિવ દ્વારા પાકિસ્તાનનું પ્રતિનિધિત્વ કરવામાં આવશે. SCO સભ્ય રાજ્યો ઉપરાંત, SCO નાં ચાર અવલોકનકર્તા રાજ્યો પણ ભાગ લેશે - અફઘાનિસ્તાનનાં રાષ્ટ્રપતિ, ઈરાનનાં પ્રથમ ઉપ રાષ્ટ્રપતિ, બેલારુસનાં વડાપ્રધાન અને મોંગોલિયાનાં ઉપ વડાપ્રધાન. તુર્કમેનિસ્તાનને યજમાનનાં વિશેષ અતિથિ તરીકે આમંત્રણ આપવામાં આવ્યું છે અને કેબિનેટ મંત્રીઓનાં ઉપ અધ્યક્ષ દ્વારા તેનું પ્રતિનિધિત્વ કરવામાં આવશે. SCO નાં બે સંગઠનોનું પ્રતિનિધિત્વ SCO નાં સેક્રેટરી જનરલ અને SCO રીજનલ એન્ટિ ટેરરિસ્ટ સ્ટ્રક્ચર સ્ટ્રક્ચર (RATS) નાં નિર્દેશક દ્વારા કરવામાં આવશે. SCO વ્યાપાર પરિષદનાં અધ્યક્ષ અને SCO ઈન્ટરબેંક એસોસિએશનનાં અધ્યક્ષ પણ હાજર રહેશે.

5. 2020 માં SCO સરકારનાં વડાઓની પરિષદની આપણી અધ્યક્ષતાનાં સમયગાળા દરમિયાન, ભારતે વિશેષ રીતે સહકારનાં ત્રણ નવા સ્તંભોનું નિર્માણ કરવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે : સ્ટાર્ટઅપ્સ અને ઈનોવેશન, સાયન્સ

અને ટેકનોલોજી અને ટ્રેડિશનલ મેડિસિન અને ઘણી અન્ય નક્કર પહેલ માટે પણ પ્રસ્તાવ રાખ્યો છે. ભારતે સ્ટાર્ટઅપ્સ અને ઈનોવેશન પર એક નવા વિશેષ કાર્યકારી જૂથનું નિર્માણ કરવાની અને અધ્યક્ષતા કરવાની તથા ટ્રેડિશનલ મેડિસિનમાં સહકાર પર એક નવા નિષ્ણાંતોનાં કાર્યકારી જૂથને સ્થાપિત કરવાની ઑફર કરી છે. ભારતે વર્ચ્યુઅલ ફોર્મેટમાં સર્વપ્રથમ એવી SCO યુવા વૈજ્ઞાનિકોની કોન્કલેવ (24-28 નવેમ્બર) યોજી છે જેમાં 200 કરતા વધારે યુવા વૈજ્ઞાનિકોએ ભાગ લીધો છે, સર્વપ્રથમ એવી SCO ઈકોનોમિક થિંક ટેંક્સનાં કોન્સોર્ટિયમનું આયોજન કર્યું છે (20-21 ઓગસ્ટ) અને સર્વપ્રથમ એવા SCO સ્ટાર્ટઅપ ફોરમનું પણ આયોજન કર્યું છે (27 ઓક્ટોબર). B2B ફોર્મેટમાં, FICCI દ્વારા SCO વ્યાપાર પરિષદનાં રાષ્ટ્રિય પ્રકરણો મારફત એમએસએમઈમાં સહકાર પર વિશેષ ભાર સાથેની સૌપ્રથમ SCO બિઝનેસ કોન્કલેવ બોલાવી છે (23 નવેમ્બર).

6. આ વર્ષમાં, ભારતે વિડીયો-કોન્ફરન્સ ફોર્મેટમાં 28 ઓક્ટોબરનાં રોજ SCO નાં બાહ્ય અર્થતંત્ર અને વિદેશ વ્યાપાર માટે જવાબદાર મંત્રીઓની બેઠક અને 16 ઓક્ટોબરનાં રોજ ન્યાય માટેનાં SCO નાં ન્યાય માટેનાં મંત્રીઓની બેઠકનું પણ આયોજન કર્યું છે.

7. સાંસ્કૃતિક- માનવતાવાદી પક્ષ પર, ભારતે 2019 માં SCO રાજ્યનાં વડાઓનાં બિશ્કેક શિખર સંમેલનમાં માનનીય વડાપ્રધાન દ્વારા કરવામાં આવેલી જાહેરાતોનું અમલીકરણ પણ કર્યું છે. તેઓમાં આનો સમાવેશ થાય છે: રાષ્ટ્રિય સંગ્રહાલય દ્વારા સંયુક્ત બૌદ્ધ વારસા પર સર્વપ્રથમ SCO નાં ડિજિટલ પ્રદર્શનનું આયોજન, જેને 30 નવેમ્બરનાં રોજ શુભારંભ કરવામાં આવશે અને ભારતીય પ્રાંતિય સાહિત્યનાં 10 ઉત્તમ નમુનાઓનું રશિયન અને ચાઈનીઝ ભાષાઓમાં ભાષાંતર કરવું. ભારતે 2021 માં SCO અન્ન ઉત્સવ યોજવાનો પણ પ્રસ્તાવ રાખ્યો છે.

8. 30 નવેમ્બરનાં રોજ SCO સરકારનાં વડાઓની પરિષદની 19મી બેઠકની અધ્યક્ષતા દ્વારા, SCO પ્રવૃત્તિઓનાં કેન્દ્રમાં મનુષ્યને રાખીને અને પ્રાંતમાં વધારે શાંતિ અને સમૃદ્ધિનું ઘડતર કરવા માટે SCO ની અંદર વધારે વ્યાપાર, આર્થિક અને સાંસ્કૃતિક સહકાર વધુ મજબૂત કરવાની આશા રાખે છે. અમે આશા રાખીએ છીએ કે ભારતની પહેલ કોવિડ-19 મહામારી દ્વારા ઉભા થયેલા પડકારોનો ઉકેલ મેળવવામાં SCO સભ્ય રાજ્યો માટે માત્ર મદદરૂપ થશે એટલું જ નહીં, પરંતુ સંસ્થાને મજબૂત કરવાની આપણી સતત પ્રતિબદ્ધતાનો સંકેત પણ આપશે.

9. 30 નવેમ્બરનાં રોજ યોજાનાર શિખર સંમેલન ભારતનાં માનનીય ઉપ રાષ્ટ્રપતિની અધ્યક્ષતા હેઠળ સંયુક્ત સત્તાવાર યાદી ગ્રહણ કરવા સાથે સમાપ્ત થશે.

**નવી દિલ્હી**
**નવેમ્બર 28, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.